SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 53. લોકસાહિત્યમાં લોકજીવનને ઉજાગર કરતા લોકગીતનું પ્રદાન

*કૂલદીપ એસ. શ્રીમાળી*
*નિશાબેન ડી. સુતરીયા*

**પ્રસ્તાવના :**

લોકગીત એ સાહિત્યનું આગવું અંગ છે. જે ગીતો લોકોમાં કર્ણોપકર્ણ પ્રસિદ્ધ થયેલાં હોય છે. મોટા ભાગે તો અલગ અલગ સમયાંતરે લોકસમાજને અસરકર્તા કે યાદગીરીરૂપ બનેલ ઘટનાઓને આ ગીતોમાં વણી લેવામાં આવેલ હોય છે. અમુક લોકગીતોનાં રચનાકારનો સંદર્ભ મળતો હોય છે, પરંતુ મોટાભાગનાં લોકગીતોના રચનાકાર, કાં તો અનામિ હોય છે કે સમયાંતરે તેમાં ઘણાં લોકોનો સહયોગ મળેલો હોય છે. અમુક ગીતો તમામ ભાષાવાસીઓમાં, તો અમુક નાના નાના પ્રદેશો પુરતા પ્રસિદ્ધ હોઇ શકે છે.

**લોકગીતનો ઉદ્દભવ અને ઇતિહાસ :**

**'લોકગીત'** શબ્દપ્રયોગ સૌપ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના અધિવેશનમાં ઈ.સ. ૧૯૦૫માં રણજીતરામ મહેતાએ કર્યો હતો. આ લોકગીત લોકસમાજના રોજબરોજના અનુભવાતા પ્રેમ, ઘૃણા, શૌર્ય, સ્નેહ, વાત્સલ્યનું એ અનાયાસ ગુંજન છે. લોકગીતો સરળ મધુર ઢાળોમાં રચાયાં છે. તેમાં શબ્દ અને ભાવ બંનેનું માધુર્ય ભર્યું છે. તેની પ્રથમ ટેક પંક્તિ એકલીયે હૃદયસ્પર્શી હોય છે તે લોકહૈયે ગુંજતી રહે છે. આ ગીતોમાં ઘણું પ્રતીકાત્મક પણ કહેવાયું હોય છે.

પ્રો. બુંદવાદના મત પ્રમાણે લોકવિદ્યાના મુખ્ય ત્રણ પ્રકાર પડે છે. જેમાં,

૧) શાબ્દિક લોકવિદ્યા (Verbal Folklore)

૨) અશતઃ શાબ્દિક લોકવિદ્યા (Party Verbal Folklore) અને

૩) અશાબ્દિક લોકવિદ્યા (Non-Verbal Folklore).

જેમાં, **શાબ્દિક લોકવિદ્યા**માં લોકવાણી, કહેવતો, ભડલી વાક્યો, ઉખાણા, કોયડા, લોકકથાઓ, **'લોકગીતો'**, વગેરેનો સમાવેશ થાય છે. **અંશતઃ શાબ્દિક લોકવિદ્યા**માં વહેમો, માન્યતાઓ, લોક રીત-રિવાજો, લોક-તહેવારો, લોકનૃત્યો, લોક-નાટકો, લોક રમતો, વગેરેનો સમાવેશ થાય છે. **અશાબ્દિક લોકવિદ્યા**માં લોક-સ્થાપત્યો, લોક-કલા, લોક-હસ્તકલા, લોક-પોશાક અને લોક-ધાન્યો, લોક-હાવભાવ, લોક સંગીતનો સમાવેશ થાય છે.

**શાબ્દિક લોકરચનાઓ:** તેના બે પ્રકાર પાડી શકાય છે જેમાં,

૧) કથ્ય લોકરચનાઓ : જે કહેવાની, વર્ણવવાની ગદ્ય ને પદ્ય મિશ્રિત હોય છે તેમાંની કથનકલા મહત્વની હોય છે. અને

૨) ગેય લોકરચનાઓઃ જે ગાવામાં આવે છે, દુહા, રાસ, ગરબા, ગરબી, ગીત, ભજન, કીર્તન, લોકમહાકાવ્યો, ભડલીવાક્યો, જોડકણાં વગેરે ગેય લોકરચનાઓ છે તેના પેટા પ્રકારોમાં મુખ્ય છે.

લોકસાહિત્યના અભ્યાસુઓએ લોકગીતના સંશોધનમાં તેની જુદી જુદી અવસ્થાઓ પ્રમાણે વર્ગીકરણને વિશેષ મહત્વ આપ્યું છે. સ્વ. ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર, ખોડિદાસ પરમાર, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. પ્રભાશંકર તરૈયા, નરોત્તમ પલાણ, ડૉ. હસૂતાબેન સેદાણી, ડૉ. હસુયાજ્ઞિક અને ડૉ. અમૃત પટેલ જેવા વિદ્વાનોએ લોકગીતોના સંશોધનમાં ને વર્ગીકરણમાં વિશિષ્ટ દૃષ્ટિબિંદુ અપનાવ્યું છે. લોકગીતોને ભાવપ્રમાણે, વિષય પ્રમાણે, સ્વરૂપ પ્રમાણે, પ્રસંગ પ્રમાણે, સ્થળ-કાળ પ્રમાણે, ઋતુચક પ્રમાણે, પ્રદેશ પ્રમાણે અને ભિન્ન ભિન્ન રીતે વર્ગીકૃત કર્યા છે. લોકગીતો આ લોક મહાસાગરનો મહાનદ છે, એના પેટાળમાં કંઇ કેટલાય વિષયો આવરીને તે ચીરકાળથી વહ્યું આવે છે. ટૂંકમાં જે વર્ગીકરણ આજે ગણાવવામાં આવે છે તે હવે આખરી નહીં ગણાય.

**લોકગીતના મહત્વના વિદ્વાનોની વ્યાખ્યા :**

**રણજીતરામ :** 'લોકગીતોનો ઉષાકાળ તે સાહિત્યનો ઉષાકાળ છે. વસ્તુતઃ સાહિત્યનો ઉદ્દભવ લોકગીતમાંથી જ થયો છે. દરેક પ્રજાનું સાહિત્ય પ્રથમ ગાથા અથવા ભજનોના રૂપમાં આવિર્ભાવ પામ્યું છે. કવિત્વ અને સંગીતના અંશ માનવઆત્મામાં વસેલા છે, જે લોકગીતમાં અભિવ્યક્ત થાય છે.'

**જશવંત શેખડીવાળા આ મતને** રેને વેલેક અને ઑસ્ટિન વોરેન જેવા પાશ્ચાત્ય વિવેચકોના મતને ટાંકીને લખે છે કે, સાહિત્યિક પ્રક્રિયાઓને તેમ જ સાહિત્યસ્વરૂપોના ઉદ્‌ગમ અને વિકાસને સમજવા ઇચ્છતા દરેક લોકગીત : લોકજીવનનો સાંસ્કૃતિક વૈભવ વિદ્વાન માટે કંઠસ્થ સાહિત્યનો અભ્યાસ મહત્ત્વની બાબત ગણવી જોઈએ' આપણા શિષ્ટ સાહિત્યનાં મૂળ લોકસાહિત્યમાં પડેલાં છે

**બ. ક. ઠાકોર :** લોકગીતમાં ઉત્તમ પ્રકારની સંસ્કૃતિનું બીજ છે.' મણિલાલ નભુભાઈ દ્વિવેદી : 'આપણા લોકમાં ચાલતી નાની નાની અભણ જેવી કવિતાઓ જેમાં ઘણો મર્મ અને ઊંડો અનુભવ રહેલો હોય છે, ખેતી કરતાં, વાવતાં, લખતાં, ચાલતાં, પ્રેમ કરતાં અનેક પ્રસંગે ગામડામાં લોકો જે ગીત, રાસ, દુહા આદિ મોઢેથી બોલે છે, તેનો પણ સવેળા સંગ્રહ થવાની પૂર્ણ આવશ્યકતાછે.'

**કાકાસાહેબ કાલેલકર :**લોકગીત એ સાહિત્યનું મૂળધન કહેવાય. લોકવાર્તા જેમ ઇતિહાસ, પુરાણ અને નવલકથા ઇત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે. તેમ લોકગીત એ ખંડકાવ્ય,મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચમ્પુ કથાગીતો દરેક રસાત્મકકૃતિનું મૂળ છે.'

**ઝવેરચંદ મેઘાણી** લોકગીતમાં કુટુંબ અને સમાજના અનેક રીત-રિવાજો જાણવા મળે છે. સમાજશાસ્ત્રીઓને એટલે જ લોકગીતમાં રસ પડે છે. લોકગીતોમાં કશુંક નૈતિક કે અનૈતિક હોતું નથી. લોકગીતમાં તત્કાલીન પરિસ્થિતિની છબી છે.

**જયમલ્લ પરમાર :** 'જીવન પાંગરતું ગયું, કોઈ નિયતિ, કોઈ પરાશક્તિનો અનુભવ લોક કરવા લાગ્યો ને દેવત્વ પૂજાતું થયું તેમાં સ્તવન ગીતો ગવાયાં. આક્રમણો સામે લડાઈઓ થઈ તેમાંથી શૌર્યગીતો રચાયાં. ઋતુઓનાં પરિવર્તનને મોસમનાં ગીતો રચાયાં એમ પ્રકૃતિથી માંડી પરાશક્તિ, શૌર્યશક્તિ, માતૃત્વની ઝંખનાથી માંડી મોક્ષ સુધીની ઝંખના માટેનાં લોકગીતો રચાયાં.'

**સાને ગુરુજી :** મરાઠી ભાષાના શ્રદ્ધેય સાને ગુરુજી મરાઠી લોકગીત 'ઓવી' વિશે લખે છે : સ્ત્રીઓએ સ્વતઃ એવું સુંદર અભિજાત સાહિત્ય નિર્માણ કરેલ છે. કહાણીઓ, ગાણાં, ઓવી એ બધું સ્ત્રી-વાત્સલ્ય છે.'

રામસિંહજી ઠાકુર, સૂર્ય કરણજી પરીખ અને નરોત્તમદાસ સ્વામી : આ રાજસ્થાની વિદ્વાનોનો મત છે - 'લોકગીતો તો દેશના આત્માના પરિચાયકો છે.

**લોકગીતના મહત્વના પ્રકારોઃ**

૧) સીમંત વિધિનાં ગીતો, ૨) હાલરડાં-બાળગીતો, ૩) ગોરમાનાં ગીતો, ૪) રાંદલ, તુલસી -વિવાહનાં ગીતો, ૫) લગ્નગીતો, ૬) ખાયણાં, લળણી, રોપણીનાં લોક ગીતો, ૭) લોકોત્સવ, મેળાનાં ગીતો, ૮) વ્રતનાં ગીતો, ૯) મરશિયા, ૧૦) સંતવાણી-ભજન.

**લોકગીતઃ**

ગુજરાતી ભાષા સાહિત્યમાં પણ લોકગીતોનો અનેરો ફાળો રહેલો છે. ગુજરાતનાં વિવિધ પ્રદેશોમાં ઘણાં પોતીકા લોકગીતો હોય છે. જે અમુક પ્રસંગ કે જીવનશૈલીને ઉજાગર કરે છે. દુનિયાની લગભગ તમામ ભાષાઓમાં તેના પોતીકા લોકગીતો હોય છે.

જેમ કે,

**'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો'**
**સોના વાટકડી રે, કેસર ઘોળ્યા, વાલમિયા !'**

***

**આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે, ઝીણા ઝરમર વરસે મેહ;**
**ગુલાબી કેમ કરી જાશો ચાકરી રે !**

***

**છેલ્લ હલકે ઈંઢોણી માથે હૈન સેવી છે**
**છેલ હલકે ઈંઢોણી માથે હેલ લેવી છે**
**મારે ભરવાં સરવરિયાનાં નીર રે**
**ઓલ્યે કાનુડે મુને બાણ માર્યાં છે...... સામે ઉભા સસરાજી છેલ શું રે જુઓ છો ?**

***

**જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે જોબનિયું કાલ્ય જાતું રે'શે!**
**જોબનિયાને માથાના અંબોડામાં રાખો**
**જોબનિયું કાલ્ય જાતું રે'શે!**
**જોબનિયાને પાઘડીના આંટામાં રાખો**
**જોબનિયું કાલ્ય જાતું રે'શે!**

***

**હો રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ જો**
**હો રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ જો**
**, આંખલડી રાતી રે ઉજાગરો ક્યાં રે કીધો?**

**ઉપસંહાર :**

લોકગીતો સ્ત્રીઓની વિરાસત છે. તેની સાથે સમૂહ જોડાયેલો છે. તે ઊર્મિગીતો છે. તે કુમારિકાઓ, યુવતીઓ, ગૃહિણીઓ, વૃદ્ધાઓ આ લોકગીતોમાં ભાવથી, ગાનથી, નૃત્યથી જોડાયેલી છે.

આમ, લોકસાહિત્યમાં જીવન સમગ્રનો આનંદ-ઉલ્લાસ, પ્રેમની પરિતૃપ્તિ, વિયોગની વેદના, વીરતાનો ઉત્સાહ, ભક્તિની શાંતિ જીવાતા જીવનની અતૃપ્તિઓ વગેરેનું તેમજ જીવનની વિવિધ અવસ્થાઓનું વાસ્તવિક અને આહલાદ્ક આલેખન થાય છે. ટૂંકમાં માનવ હૈયામાં વલોવાતા જે કોઈ ભાવ, ઉર્મિ રસ છે, તે સર્વ લોકગીતોમાં ગવાયા છે. લોકગીતમાં લોકહ્ધ્યની સહજ-સ્વાભાવિક લોકોર્મિ અભિવ્યક્ત થઈ વહે છે, તેમાં લોકના ભાવ કલ્પના-વિચારોનું સંયોજન ગવાય છે.

આમ લોકસંગીતનો તાલને લોકગીતનું ગાન કે ઢાળ માત્ર તેના માટે ઉપકારક નથી. ગાન એ લોકગીત માટે શરીરની સાથે સાહજિક રીતે જોડાયેલી ત્વચા છે. આમ ગવાય નહીં તે લોકગીત નહિ.

**સંદર્ભ :**


1. નાથાલાલ ગોહિલ, 'ગુજરાતી લોકસાહિત્યનો સાંસ્કૃતિક વૈભવ'નવભારત અમદાવાદ-પ્રકાશન „ પ્રથમ આવૃતિ૨૦૧૩-
2. ડૉ. રાજેશ મકવાણા, 'લોકવાङમય : સ્વરૂપ', પ્રકાશન-ડૉ.રાજેશ મકવાણા મહેસાણા, પ્રથમ આવૃતિ-૨૦૦૭
3. 'મેઘાણી લોકસાહિત્ય ધરતીનું ધાવણ', અંક ૧,૨ સંકલીત આવૃતિ ૧૯૯૭
4. ઝવેરચંદ મેઘાણી 'રઢિયાળી રાત', બૃહદ આવૃતિ ૧૯૯૭
5. હસુ યાજ્ઞીક, 'લોકસાહિત્ય:વિભાવના અને પ્રકાર', પ્રકાશન-ડૉ. હસુ યાજ્ઞીક, પ્રથમ આવૃતિ-૨૦૦૨



SAMVAD E – JOURNAL, ISSN NO. 2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume-3, Issue-1, Special Issue-January : 2025